# Gujarat Chamber of Commerce & Industry

ગુજરાત વેપારી મહામંડળ ૧૯૪૯ થી કાર્યરત

Natubhai Patel
President

Hemant N. Shah
Sr. Vice President

K. I. Patel
Vice President

Pathik S. Patwari
Hon. Secretary

V. P. Vaishnav
Hon. Secretary (R)

Sachin K. Patel
Hon. Treasurer


31 ઓગસ્ટ, 2021 / 10918

પ્રતિ,

**શ્રી નીતિનભાઈ પટેલ**
**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી**
ગુજરાત સરકાર
ગાંધીનગર

આદરણીય સાહેબ શ્રી,

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ & ઇન્ડસ્ટ્રીઝ તરફથી શુભેચ્છાઓ.

સૌ પ્રથમ કોવિડ-19 મહામારીના આ કપરા સમય દરમિયાન ગુજરાતના ઉદ્યોગો સુધી પહોંચવા તથા તેમને જરૂરી એવી સહાય પુરી પાડવાના ઉમદા પ્રયત્નો કરવા બદલ અમે ગુજરાત સરકારનો ખુબજ આભાર માનીએ છીએ.

ટેક્સટાઈલ પોલિસીના સંદર્ભમાં અમારા સૂચનો તેમજ આ ક્ષેત્ર સાથે સંકળાયેલા ઉદ્યોગોની સમસ્યાઓ આપશ્રી સમક્ષ રજુ કરવા માંગીએ છીએ.

ગુજરાત ટેક્સટાઈલ પોલિસી 2012 -2017 માં સરકારશ્રી દ્વારા VAT પ્રોત્સાહન ની ઘોષણા કરવામાં આવેલ હતી. આ પોલિસીમાં સરકારશ્રીએ વચન આપેલ કે જો GST લાગુ કરવામાં આવશે તો પણ ઉદ્યોગોને ફરીથી સમાન નાણાકીય લાભો આપવામાં આવશે. GTP - 2012 ની કલમ - 5 માં આ ફાયદાઓનો સ્પષ્ટપણે ઉલ્લેખ કરેલ છે જે નીચે મુજબ છે.

"5.5.2 If and at such time, VAT and/or CST are replaced by Goods and Service Tax or any other similar law for the levy of tax in the state of Gujarat, after the date of issue of this GR the interest of the unit would be adjusted in order to maintain the same economic benefits to the unit."

હવે કોઈ ગેર-સમજના કારણે વીવિંગ તેમજ ટેકનિકલ ટેક્સટાઈલ ઉદ્યોગોને 08 વર્ષથી 12 વર્ષના મળતા લાભ મળેલ નથી.

હાલ જ્યારે VAT નાબૂદ કરી GST લાગુ કરવામાં આવેલ છે ત્યારે ઉદ્યોગ અને ખાણ વિભાગે GST ના અમલીકરણને કારણે VAT ની થઈ રહેલ ખોટની ભરપાઈ કરવા માટે તારીખ 02/11/2019 ના રોજ ઠરાવ ક્રમાંક TEX-102012-65117-CH બહાર પાડેલ તે ઠરાવની કલમ ક્રમાંક - 5 સૂચવે છે કે, આ વિસ્તરણનો લાભ તેજ ઉદ્યોગોને મળશે કે જેમનો SGST નો ભાગ VAT ના સમયગાળા દરમિયાન 50% થી ઓછો હતો.


Shri Ambica Mills - Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad- 380009. INDIA. | +91 - 79 - 2658 2301-2-3-4 | gcci@gujaratchamber.org | www.gujaratchamber.org

Natubhai Patel
President

Hemant N. Shah
Sr. Vice President

K. I. Patel
Vice President

Pathik S. Patwari
Hon. Secretary

V. P. Vaishnav
Hon. Secretary (R)

Sachin K. Patel
Hon. Treasurer

અમારી વિનંતી છે કે વીવિંગ તેમજ ટેક્નિકલ ટેક્સટાઈલ ઉદ્યોગો માટે મળતા GST ના લાભને 8 વર્ષથી વધારીને 12 વર્ષ કરવો જોઈએ.

VAT ના સમયગાળા દરમિયાન યાર્ન પર ઇનપુટ VAT 5% હતો તથા ફેબ્રિક પર શૂન્ય હતો. તારીખ: 02/11/2019 ના ઠરાવ ક્રમાંક: TEX-102012-65117-CH ની કલમ - 5 ને ધ્યાને લેતા હવે GST માં યાર્ન પરનો ઇનપુટ દર 5% (2.5% SGST તથા 2.5% CGST) તથા ફેબ્રિક પરનો આઉટપુટ દર 5% (2.5% SGST તથા 2.5% CGST) છે.

આ વિસ્તરણનો લાભ દરેક ક્ષેત્રના ઉદ્યોગોને મળે છે. ફક્ત વીવિંગ તેમજ ટેકનિકલ ટેક્સટાઈલ ઉદ્યોગોને જ આ લાભથી વંચિત રાખવામાં આવેલ છે અને વીવિંગ તેમજ ટેકનિકલ ટેક્સટાઈલ ઉદ્યોગોજ આ 8 વર્ષથી 12 વર્ષના થયેલ વિસ્તરણનો લાભ મળતો નથી.

માટે 12 વર્ષ સુધીના વિસ્તરણનો લાભ વીવિંગ તેમજ ટેકનિકલ ટેક્સટાઈલ ઉદ્યોગોને મળે તેવી વિનંતી કરીએ છીએ.

આપ અમારી વિનંતી ને ધ્યાને રાખીને ઘટતું કરશો તેવી આશા સહ,

આપનો વિશ્વાસુ,

| | |
|---|---|
| નટુભાઈ પટેલ | સૌરીન પરીખ |
| પ્રમુખ | ચેરમેન - ટેક્સટાઈલ ટાસ્કફોર્સ |